# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

17th September 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -12

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

# RC Rander – A Gift to Society by RC Surat

Sunday, 12th September 2021

National Anthem * Welcome Remarks: President Bhishma Hitesh Jariwala.

The Rotary Four-way test :Paras Patwa* Birthday & Anniversary greetings: AKS Bhavani Mehta * Secretarial announcements:Nikhil Madrasi

The Rotary Club of Surat sponsored new Rotary club as Rotary Club of Rander. The Swearing-in Ceremony of new team of Rotary Club of Rander was held during weekly meeting of RC Surat where in District Governor Santosh Pradhan installed the new team and presented the charter.

Promoting a new club is not easy but, with energetic team of RC Surat for the year 2020, club made it possible. However, due to COVID situation the formal launch and Swearing-in ceremony got postponed last year and held on Sunday, 12th September 2021.

Rtn. Bhavesh Donda installed as the president of RC Rander in the gracious presence of District Governor Santosh Pradhan, District Membership Chairman Amardeep Bunet, President of RC Surat Bhishma Jariwala, PDG Hitesh Jariwala, IPP Dr. Ajay Mahajan, GSR Nikhil Madrashi, Asst. Governors, Past Presidents of RC Surat and members of RC Surat & RC Rander.

District Governor Santosh Pradhan, addressing the meeting mentioned that Rotary as an organization focusing 7 different areas i. e. Peace building and conflict prevention; Disease Prevention and Treatment; Water, Hygiene and Health protection; Mother and Child Health; Education, Balanced Economic Development and Environment. There is huge opportunities for social work in all 7 sectors. It's time to give back to the society and encouraged fellow Rotarians to 'Change the Lives' in best possible manner.

District Membership Chairman Amardeep Bunet addressing the meeting said that Rotary still needs more development in a city like Surat and Rotary Club of Rander is a new beginning in this direction. He shared his experiences as Rotarian and strength of Rotary which inspired Rotarians to bring more members to the organization.

Rotary Club of Surat's President Bhishma Jariwala said that Rotary Club of Surat has given District-3060 so many new clubs and with the new RC in Rander, surrounding areas like Adajan, Pal, Palanpur, Jahangirpura will be more benefitted with the social activities of Rotary.

The newly inducted President of RC Rander Bhavesh Donda, said that the project of making school bags from torn jeans, a new bicycle from old broken bicycles and supplying those bicycles to the needy persons will be undertaken on priority basis.

The meeting was conducted by Dr. Neeta Gandhi.

**The Rotary Club of Rander: office bearers**

1. Bhavesh Donda, President
2. Paresh Parekh, Vice President
3. Anil Jain (Mardia), Minister
4. Pinakin Patel, co-secretary
5. Paras Patwa, Treasurer
6. Deepesh Gandhi, Director
7. Gaurav Thakkar, Director
8. Navneet Chaudhary, Director
9. Hemang Vairagiwala, Director
10. Dr. Tejal Paneria, Director

Sergeant at Arms: Raju Shah - Dr. Milan Modi - Dr. Dushyant Patel



## રોટરી ક્લબ ઓફ રાંદેર - પદગ્રહણવિધિ

### રવિવાર, તા. ૧૨ સપ્ટેમ્બર

રોટરી ક્લબ ઓફ સુરત પ્રેરિત રોટરી ક્લબ ઓફ રાંદેરના નવા વરાયેલા પ્રમુખ ભાવેશ દોંડા અને તેમની ટીમનો પદગ્રહણવિધિ સમારોહ રવિવાર, તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રોટરી હોલ જીવનભારતી, નાનપુરા, સુરત ખાતે રોટરી ડિસ્ટ્રિકટ ૩૦૬૦ ના ડિસ્ટ્રિકટ ગવર્નર સંતોષ પ્રધાન અને ડિસ્ટ્રિકટ મેમ્બરશીપ ચેરમેન અમરદીપ બુનેટના સાનિધ્યમાં સંપન્ન થયો.

ડિસ્ટ્રિકટ ગવર્નર સંતોષ પ્રધાને સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ફેલાયેલી રોટરી સંસ્થા કુલ ૭ ક્ષેત્રોમાં કાર્યરત છે. શાંતિ નિર્માણ અને સંઘર્ષ નિવારણ, રોગ નિવારણ અને સારવાર, પાણી, સ્વચ્છતા અને આરોગ્ય રક્ષણ, માતૃ અને બાળ આરોગ્ય, પાયાનું શિક્ષણ અને અક્ષર જ્ઞાન, સમાજનો સમતોલ આર્થિક વિકાસ અને પર્યાવરણ. આ તમામ ૭ ક્ષેત્રોમાં સામાજિક કાર્યો કરવા માટેની વિશાળ તકો છે. જે સમાજમાં રહીને તમે કમાયા છો, તે પાછું આપવાનો આ સમય છે માટે સમયનો સદ્પયોગ કરી તેવા કાર્યમાં લાગી પડવાનો અનુરોધ કર્યો હતો.

ડિસ્ટ્રિકટ મેમ્બરશીપ ચેરમેન અમરદીપ બુનેટે સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે સુરત જેવા શહેરમાં રોટરીને હજુ પણ વધુ વિકસાવવાની જરૂરિયાત છે. કોરોનાના સમયગાળા દરમ્યાન લોકો જે વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તેવા સંજોગોમાં રોટરી ક્લબ ઓફ રાંદેરની નવી શરૂઆત નવા પરિમાણો પ્રાપ્ત કરશે. આ સંસ્થામાં હજુ પણ વધુને વધુ સભ્યો જોડાય તેવી મહેનત કરવાની તેમણે સૌને હાંકલ કરી હતી.

રોટરી ક્લબ ઓફ સુરતના પ્રમુખ ભીષ્માબેન જરીવાળાએ જણાવ્યું હતું કે રોટરી ક્લબ ઓફ સુરતે ડિસ્ટ્રિકટ – ૩૦૬૦ ને સૌથી વધુ નવી ક્લબોની ભેટ આપી છે અને રોટરી ક્લબ ઓફ રાંદેરના આગમનથી રાંદેર, અડાજણ, પાલ, પાલનપોર, જહાંગીરપુરા વિસ્તારોમાં રોટરીની સામાજિક પ્રવૃત્તિઓ વધુ પ્રબળ થશે.

રોટરી ક્લબ ઓફ રાંદેરના નવા વરાયેલા પ્રમુખ ભાવેશ દોંડાએ જણાવ્યું હતું કે, ફાટેલા જીન્સમાંથી સ્કૂલ બેગ બનાવવાનો પ્રોજેક્ટ, જૂની વણવપરાયેલી સાયકલોમાંથી નવી સાયકલ બનાવવાનો અને તે સાયકલો જરૂરિયાતમંદ વ્યક્તિઓને પૂરું પાડવાનો આયામ હાથ ધરવામાં આવશે.

પ્રાસંગિક વિધિઓ રોટરી ક્લબ ઓફ રાંદેરના સલાહકાર નિખિલ મદ્રાસી, રો. અનિલ મરડિયા, રો.પરેશ પારેખ, રો. પારસ પટવા, રો. પીનાકીન પટેલ, રો. દીપેશ ગાંધીએ કરી હતી. સભાનું સંચાલન Dr. નીતા ગાંધીએ કર્યું હતું.

### રોટરી ક્લબ ઓફ રાંદેરના નવા વર્ષના હોદ્દેદારો નીચે મુજબ છે.

૧. ભાવેશ દોંડા, પ્રમુખ.

૨. પરેશ પારેખ, ઉપપ્રમુખ

૩.અનિલ જૈન (મરડિયા), મંત્રી

૪. પીનાકીન પટેલ, સહમંત્રી

૫. પારસ પટવા, ખજાનચી

૬. દીપેશ ગાંધી, ડીરેક્ટર

૭. ગૌરવ ઠક્કર,ડીરેક્ટર

૮. નવનીત ચૌધરી, ડીરેક્ટર

૯. હેમાંગ વૈરાગીવાલા, ડીરેક્ટર

૧૦. ડૉ. તેજલ પાનેરીયા, ડીરેક્ટર

સાર્જન્ટ એટ આર્મ્સ: રાજુ શાહ- ડૉ. મિલન મોદી- ડૉ. દુષ્યંત પટેલ











Bulletin_03.jpg






Bulletin_04.jpg

## “ભૂખ્યાને ભોજન”

ગુરુવાર, તા. ૦૯-૦૯-૨૦૨૧

જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો,

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,

દીન – દુઃખિયાના આંસુ લ્હોતા, અંતર કદીના ધરાજો.

બસ આજ ઉદેશ્યથી શરૂ થયેલો રોટરી ક્લબ ઓફ સુરતનો પ્રોજેક્ટ “ભૂખ્યાને ભોજન”, નિરંતર ઉત્સાહી રોટેરિયન્સ દ્વારા સુપેરે ચાલી રહયો છે. સમાજને આપો - વ્યાજ સાથે આપો, પૂરા દિલથી આપો એજ રોટરીનો મંત્ર છે અને આ મંત્રને અપનાવ્યો છે રોટરીની આન બાન શાન ને જાળવવા હંમેશા જાગૃત રહેનાર ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ યતિશભાઈ પારેખે તા. ૦૯/૦૯/૨૦૨૧ ને ગુરુવારે યતિશભાઈએ ખૂબ આનંદથી ‘ભૂખ્યાને ભોજન’ કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું. સાથે જ યતિશભાઈના અર્ધાંગિની સેવાભાવી ડૉ. પ્રેરણાબેન પણ સહભાગી હતા અને કુંદનભાઈ અને દક્ષાબેન દર વખતની જેમ ઉત્સાહથી મદદરૂપ થયા હતા.



## બાલઆંગણવાડી ‘ભૂલકાઓનું સ્મિત’

શનિવાર, તા. ૧૧.૦૯.૨૦૨૧ સ્થળ: નંદઘર આંગણવાડી, WZ 40

ઈન્સાફ કી ડગર પર બચ્ચો દિખાઓ ચલકે

યહ દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે.........

દેશની લગામ ભવિષ્યમાં ભૂલકાઓના હાથમાં છે. આ ભૂલકાઓ તંદુરસ્ત રહે એ ખૂબ જરૂરી છે. તેઓ માસૂમ છે પણ દેશની તાકાત છે, શકિત છે, તેથી બાલ આંગણવાડીના ભૂલકાઓને દર શનિવારે રોટરી ક્લબ ઓફ સુરતના સદસ્યો પૌષ્ટિક નાસ્તો આપે છે. તા. ૧૧/૦૯/૨૦૨૦૧ ને શનિવારે જેઓ હંમેશા સદ્કાર્યના સ્વસ્તિકમાં રંગો ભરતા રહે એવા આપણા પ્રેસિડેન્ટ ભિષ્માબેન જરીવાળાએ પૌષ્ટિક સ્વાદિષ્ટ નાસ્તો ૪૮ માસૂમ બાળકો ને વહેંચી એમની સાથે સમય પસાર કર્યો અને એ મધુર હાસ્ય થી છલકાતું બાળપણ માણ્યું. આ સુંદર કાર્ય માં PDG હિતેશભાઈ જરીવાળા અને રોટરી ક્લબ ઓફ નેક્સ્ટજેનમાંથી ઋત્વિક જરીવાળા પણ જોડાયા હતા.



## નોટબુક વિતરણ – વિદ્યા દાન

ગુરુવાર, તા. ૦૮-૦૭-૨૦૨૧

સદ્ વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી વડુ નહિ કશુ

સદ્ વિદ્યા આગળ ધન શું ? વિદ્યાવિહીન નર પશુ.

દરેક મનુષ્ય વિદ્યાનો હકદાર છે. પરંતુ ગરીબી કોઈક વખત વિદ્યા ઉત્સુક બાળકોમાં નિરાશા લાવી દે છે. અભ્યાસમાં તેજસ્વી, રસ-રૂચિ રાખનાર વિદ્યાર્થીઓ નોટબુક કે પુસ્તકોના અભાવથી વિદ્યાથી વિમુખ ન જ થવા જોઈએ, એવું રોટરી ક્લબ ઓફ સુરત દૃઢ પણે માને છે. કારણ કે રોટેરિયન જાણે છે કે

વિદ્યા દદાતિ વિનયં

વિનયાદ્ યાતિ પાત્રતામ

પાત્રત્વાત ધનમાપ્નોતિ

ધનાત્ ધર્મ તતઃ સુખમ્.

વિદ્યાથી વિનય, વિનયથી પાત્રતા, પાત્રતાથી ધન, ધનથી ધર્મ અને ધર્મથી સુખ. આ ક્રમ એકદમ સાચો છે અને તેથી પોંસરા ગામની શાળામાં જઈને રોટરી ક્લબ ઓફ સુરતે તા. ૦૮-૦૭-૨૦૨૧ ને દિને લગભગ ૩૬૦ જેટલી નોટબુક જરૂરિયાતવાળા બાળકોને વહેંચી અને સાથે આનંદ અને આશા ની લ્હાણી કરી. આ ઉમદા કાર્ય માટે પ્રેસિડેન્ટ ભિષ્માબેન જરીવાળા, સેક્રેટરી નિખિલભાઈ મદ્રાસી, PDG હિતેશભાઈ જરીવાળા, કમલભાઈ ગાંધી, ભૂપેન્દ્રભાઈ જરીવાળા, રૂપેશભાઈ જરીવાળા, નિલેશભાઈ જરીવાળા, અશ્વિનભાઈ સુખડીયા, કુંદનભાઈ શાહે પોંસરા ખાતે હાજરી આપી હતી.



**The OCV serves several purposes:**

* to gain information about a club that will enable DG to give proper counsel and advice


* to inspire Rotarians with helpful suggestions which include R.I.Structured Programmes & Menu of Service Opportunities

* to give Rotarians a larger version of Rotary

## "OCV – (Official Club Visit)

**is one of the formal functions in Rotary Clubs every year. . The District Governor visits the club to assess its functioning and make sure that all the compliance rules are followed."**

--






આજરોજ રોટરી ક્લબ ઓફ સુરત
દ્વારા આવનાર  શિક્ષક દિન ની
ઉજવણી ભાગરૂપે ડો.મેઘના દેસાઈ
નું વિશિષ્ઠ સન્માન એક રોટરીયન
શિક્ષક તરીકે કરવામાં આવ્યું . આ
વિશિષ્ઠ એટલા માટે કહેવાય કે
કલબો ગામ માંથી શોધી શોધી ને
સન્માન કરતા હોય છે. પણ
રોટેરિયન શિક્ષક તરીકે આ પ્રકાર ના
સન્માનો ખુબજ ઓછા જોવા
મળતા હોય છે. વિચાર કરીએ તો
ખુબજ ઉમદા વિચાર હોય શકે.
આત્મીય વંદન રોટરી ક્લબ સુરત
ના પ્રમુખશ્રી ભીષમા બેન જરીવાળા
તેમજ મંત્રીશ્રી નિખિલ ભાઈ

**– Dr. Meghna Parimal Desai**

**" Genius"**

**'Doing easily what others find difficult is talent,
Doing what is impossible for talent is Genius.'**

# Incoming.....

:18th September :

DG Visit & Charter Night

:24th September :

World Heart Day

:25th September :

* Bal Aanganwadi

* ભૂખ્યાને ભોજન










| | |
|---|---|
| 18th September | Ketan Mali |
| 21st September | Prerna Parekh |

**Please Note:**
Change in meeting day & date
Will meet on Saturday 18th September
instead of 17th September, Friday

